આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

તમને જ્યાં સુધી રસ્તો દેખાય છે ત્યાં સુધી તો આગળ થાવ! પછી રસ્તો એની મેળે દેખાવા લાગશે
- રોબર્ટ બેન્સન

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૫૯ | ૧૦ મે, ૨૦૧૩, શુક્રવાર; વૈશાખ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# એટીવીટીમાં ત્રીસ સેવાઓ ઓનલાઈન કરાશે

## રાજ્યના મહેસુલ વિભાગમાં આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના અંતર્ગત વધુ સેવાઓ આવરી લેવાશે

ગાંધીનગર, તા. ૯

આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના અંતર્ગત ૩૦ થી પણ વધુ સેવાઓ હવે ઓનલાઈન કરવાની સક્રિય વિચારણા મહેસુલ વિભાગે હાથ ધરી છે.

મહેસુલ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ એટીવીટી યોજનાએ રાજ્ય સરકારની અતિ મહત્વાકાંક્ષી યોજના છે. આ યોજનાને વધુ પ્રજાભિમુખ બનાવવા માટે સરકારે મન સ્પષ્ટ બનાવી લીધુ છે. મળતી વિગતો પ્રમાણે આ યોજના અંતર્ગત અત્યારે હાલ ૧૭૦ જેટલી સેવાઓ પુરી પાડવામાં આવી રહી છે અને આ અપાતી સેવાઓનું વર્ગીકરણ કરી અભ્યાસ કર્યા બાદ ૩૦ જેટલી સેવાઓ હવે ઓનલાઈન આપવા માટે સરકાર આગળ વધી રહી છે.

આ સૂત્રોએ જણાવ્યું છે કે સરકારના મહેસુલ વિભાગને ૫૦ લાખ જેટલી અરજીઓ આ પ્રોજેક્ટની સેવાઓ અંગે મળી છે. આ પ્રોજેક્ટમાં અરજીઓનો નિકાલ સમય-મર્યાદામાં થાય છે એટલુ જ નહિ તેનું મોનીટરીંગ પણ નિયમિત રીતે થતુ હોય આ પ્રોજેક્ટ થકી જ સરકાર તંત્રને પ્રજાભિમુખ બનાવવા જઈ રહી છે.

ઓનલાઈન સેવાઓ ઉપલબ્ધ થતાં ૩૦ જેટલી સેવાઓ ઘેર બેઠા જ લોકોને ઉપલબ્ધ બનશે. સરકારના વિશ્વસનીય સૂત્રોના જણાવ્યાનુસાર સરકાર તબક્કાવાર ૧૦૦ જેટલી સેવાઓ ઓનલાઈન ઉપલબ્ધ કરાવવાનું વિચારી રહી છે.

સચિવાલયના સૂત્રોએ જણાવ્યું છે કે સરકારે હમણાં જે યોજનાઓ ઓનલાઈન કરવાની વિચારણા કરી છે તેમાં જન્મ-મરણના દાખલા, જાતિના દાખલા, આવકના પ્રમાણપત્ર વારસાઈ નોંધનું ઈન્ડેક્સ અને અન્ય કેટલીક સેવાઓનો સમાવેશ છે.

સચિવાલયના મહેસુલ વિભાગ અને વિજ્ઞાન પ્રાદ્યોગિકી વિભાગ તેમજ તકનીકી નિષ્ણાતો વચ્ચે આ અંગેનું સોફ્ટવેર તૈયાર કરવા અંગેનો પરામર્શ ચાલી રહ્યો છે અને ટુંકમાં જ તે દિશામાં આખરી નિર્ણય લેવાશે.

આ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પ્રથમ પાંચેક તાલુકાઓમાં પ્રાયોગિક ધોરણે આ સેવાઓને ઓનલાઈન કરવામાં આવશે અને તેના પરિણામો જોયા બાદ સમગ્ર રાજ્યમાં તે અમલી બનશે.

એ.ટી.વી.ટી.ની યોજના સ્વર્ણીમ વર્ષની ઉજવણીથી અમલમાં મુકાયેલ છે. આ એ.ટી.વી.ટી. અંતર્ગત તાલુકાઓને કલસ્ટરમાં વિભાજીત કરી વિકાસના કામો પણ કરવામાં આવી રહ્યા છે. આમ રાજ્ય સરકાર હવે સેવાઓને કચેરીમાં જ સિમીત કરવાને બદલે ઘર સુધી વિસ્તારવા જઈ રહેલ છે.



ગાંધીનગર - મહુડી માર્ગ પર આવેલ લોદરા ગામે વીજળીનો કરંટ લાગતાં એક અબોલ પંખી કબૂતરે પોતાનો જાન ગુમાવ્યો હતો. ગરમીથી થાકેલું આ પંખી વિસામો લેવા તાર જોઈ બેસવા ગયું અને પોતાની જીંદગી હોમાઈ જતાં પક્ષી પ્રેમીઓ ધ્રુજી ઉઠ્યા હતા. (તસવીર : દિપક જાની)

# આગામી માસમાં ગરીબ કલ્યાણ મેળા

## જૂનના બીજા સપ્તાહમાં ગરીબ કલ્યાણ મેળા યોજાશે : તંત્રને તેના લાભાર્થીઓ, સ્થળની પસંદગી તેમજ આયોજન ઝડપથી તૈયાર કરવા તાકીદ કરાઈ

ગાંધીનગર, તા. ૯

ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન જૂનના બીજા સપ્તાહથી કરવામાં આવશે. આ આયોજનની તૈયારીઓ આરંભી દેવા માટે તંત્રને તાકીદ કરવામાં આવી છે.

રાજ્ય સરકાર દ્વારા આ મેળાઓ અંગેના આયોજનની કાચી રૂપરેખા તેમજ મેળાના સ્થળની પસંદગીની કાર્યવાહી આ માસના અંત સુધીમાં કરી લઈ તેની જાણ સરકારને કરવા માટે જણાવાયું છે.

રાજ્ય સરકારે અત્યાર સુધીમાં છ જેટલા તબક્કામાં પુરૂ કર્યું છે અને લાભાર્થીઓને કરોડોની યોજનાઓના લાભો અપાયા છે.

મળતી વિગતો પ્રમાણે રાજ્ય સરકારે સ્થળની પસંદગી, લાભાર્થીઓની પસંદગી તેમજ તેના આયોજનની રૂપરેખા આ માસના અંત સુધીમાં તૈયાર કરવા જણાવાયું છે.

જૂન માસમાં ચોમાસુ બેસી જતાં લાભાર્થીઓને વરસાદમાં ભીંજાવાનું ના થાય તેની કાળજી સાથે સ્થળની પસંદગી કરવામાં આવે તેવો આગ્રહ પણ રાજ્ય સરકારે રાખ્યો છે.

ગુજરાતમાં આ વખતે રાજ્ય સરકાર ગરીબ કલ્યાણ મેળામાં સ્વરોજગારીની યોજનાઓ પર વધુ ભાર મુકશે તેમ મનાઈ રહ્યું છે. આ ઉપરાંત સરદાર આવાસ યોજનાઓ અને અન્ય આવાસ યોજના ઉપરાંત સમાજકલ્યાણની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને આવરી લેવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.


**ઉત્તમ તક**
Beauty Parlours, Health Clubs અને Gyms માટે ઉત્તમ તક
કુદરતી ઉત્પાદનો સાથે વધારો સૌંદર્ય, શારીરિક/માનસિક સ્વાસ્થ્ય અને સ્નાયુ શક્તિ
સંપર્ક : - ૮૪૬૦૫ ૮૦૩૮૬ ૮૪૬૯૧ ૭૦૯૦૩

**વેકેશનમાં** અનુભવ વગર ઘરેથી અને ગર્વથી કામ કરો
સંપર્ક
છાયાબેન ખરાડી
મો. : ૯૫૩૭૮ ૫૯૮૬૬
રવિ દવે
મો. : ૯૮૨૪૨ ૨૯૬૬૬

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧ ફેક્સ : ૨૩૨૩૦૫૭૧





## સહજાનંદ સ્કૂલ ઓફ એચીવર (સરગાસણ) ના વિદ્યાર્થીઓને મેયરશ્રીના અભિનંદન

છેલ્લા ૬ વર્ષથી બોર્ડના પરિણામમાં અવ્વલ નંબરે રહેનાર સહજાનંદ સ્કૂલ ઓફ એચીવર (સરગાસણ) 2013 માં લેવાયેલ JEE માં પણ એક જ સ્કૂલના 70 (કુલ બેઠેલા વિદ્યાર્થીના 20.05%) વિદ્યાર્થીઓનું JEE-Advanced માં સીલેક્શન કરાવી ગુજરાતી મીડીયમ માટે ગુજરાતમાં અવ્વલ નંબરે રહી ગાંધીનગરની આ શાળાએ સમગ્ર ગુજરાતમાં ગાંધીનગરનું નામ શૈક્ષણિક ક્ષેત્રે રોશન કરેલ છે.

તે બદલ ગાંધીનગરના મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાના શાળા પરિવારને હાર્દિક અભિનંદન...***

## પ્રાર્થનાંજલિ



હિતેનભાઈ બારોટ

जातस्य हि ध्रुवो मृत्यु - र्ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥
શ્રીમદ્ ભગવદ્ ગીતા ૨-૨૭

કૃષ્ણકાન્ત જહા
અને
ગાંધીનગર સમાચાર પરિવાર

## ભાવાંજલિ



અંજલી માટે શબ્દો ઓછા પડે છે
પુષ્પાંજલિ માટે પુષ્પો ઓછા પડે છે

ચેતન પટેલ

SIDDHRAJ Infra Pvt. Ltd.